# ADINET e-News Digest

અમદાવાદ લાઈબ્રેરી નેટવર્ક ઈ-ન્યૂઝ ડાયજેસ્ટ

No. 13 October 2015

## નોબલ પારિતોષિક વિજેતા ૨૦૧૫

**ભૌતિક વિજ્ઞાન(physics)**

તાકાઆકી કાજીતા (જાપાનીઝ ભૌતિક વિજ્ઞાની) અને આર્થર બી. મેકડોનાલ્ડ (કેનેડીયન ભૌતિક વિજ્ઞાની)ને સંયુકત રીતે આપવામાં આવ્યું.

**રસાયણ વિજ્ઞાન (chemistry )**

ટોમસ લીન્દાહલ (બ્રીટીશ સાયન્ટીસ્ટ)
પૉલ લૉરેન્સ મોડ્રીચ(જેમ્સ બી. ડ્યૂક)
બાયોકેમીસ્ટ્રીના પ્રોફેસર, ડ્યૂક યુનિવર્સિટી.
અને અઝીઝ સાન્કાર (તુર્કીશ) અમેરિકન બાયોકેમીસ્ટ, મોલેક્યુલર બાયોલોજીસ્ટ ને સંયુકત રીતે આપવામાં આવ્યું.

**શરીરવિજ્ઞાન અથવા મેડીસીન (Physiology or Medicine)**

એક અર્ધુ પારિતોષિક વિલિયમ સી. કેમ્પબેલ (આયરિશ બાયોકેમીસ) અને સાતોશી ઑમરા (જાપાનીઝ બાયોકેમીસ્ટ)ને સંયુકત રીતે આપવામાં આવ્યું
બીજું- અર્ધુ પારિતોષિક , યુ યુ તુ (ચાઈનીઝ મેડીકલ સાયન્ટીસ ફાર્માસ્યુટીકલ કેમીસ્ટ ફાર્માસીસ્ટ અને કેળવણીકાર)ને આપવામાં આવ્યું.

**સાહિત્ય (Literature)**

સ્વેતલાના ઍલેક્ષીવીચ (યુક્રેનિઅન)ને આપવામાં આવ્યું.

**શાંતિ (Peace)**

નેશનલ ડાયલોગ ક્વાર્ટેટ (તુનીસીયા) એ ચાર સંસ્થાનું જુથ છે. તેને મળ્યું.

**અર્થશાસ્ત્ર(Economics)**

ઍન્ગસ સ્ટેવાર્ટ ડેટોન (બ્રીટીશ ઈકોનોમીસ્ટ)ને મળ્યું.

**Source:**
http://www.nobelprize.org/nobel_prizes/lists/year/

---

## ગેઝેટ નોટીફિકેશનના 3.5 કરોડ જેટલાં પૃષ્ઠોનું ભૌતિક પ્રકાશન બંધ : ગંજાવર પ્રમાણમાં ઈ-પ્રકાશન તરફ ગતિ

ડીજીટલ ઈન્ડિયાનું મહત્તમ મૂલ્ય ભારતને ડીજીટલી સક્ષમ રાષ્ટ્ર બનાવવામાં છે. જે સમાજ, સંસ્કૃતિ અને વાતાવરણને મદદરૂપ છે. જે ડીજીટલ ઈન્ડિયાના મીશનનો મહત્વનો આધારસ્તંભ છે. આના અનુસંધાનમાં ભારત સરકારે વ્યવસ્થાતંત્રમાં એક બૌધ્ધિક પરિવર્તન આણ્યું છે ; જે લાખ્ખો વૃક્ષો અને કરોડો ટેકસ ભરનારના પૈસા બચાવી શકશે. જે ઈ-ગર્વનન્સ માટે નવીન સીમાચિહ્નરૂપ છે. પબ્લીકેશન બ્યુરોના જણાવ્યા મુજબ હવે ભારત સરકાર ઓફિસીયલ ગેઝેટ નોટીફીકેશન્સનું ભૌતિક-મુદ્રિત પ્રકાશન બંધ કરશે. હવેથી તેનું ઈલેક્ટ્રોનિક પ્રકાશન કરશે. આ મહત્વના નિર્ણયથી 3.5 કરોડ પૃષ્ઠોની બચત થશે જે દર વર્ષે સરકાર પ્રકાશિત કરે છે.

રૂ.૪૦ કરોડની વાર્ષિક બચત; ઉપરાંત દર વર્ષે ૯૦ ટન્સ પેપર બચશે. પરિણામે હજારો વૃક્ષો નષ્ટ થતાં બચશે. આ કાર્ય માટે વપરાતી શક્તિ, શાહી , કેમીકલ્સ , ડાઈઝ , કલર અને

અન્ય વસ્તુઓ જે મુદ્રણ માટે જરૂરી છે એ બધાની દર વર્ષે બચત થશે. એ રીતે આ નિર્ણય ઈ-ગર્વનન્સ અને ડીજીટલ ઈન્ડિયા માટે આર્શીવાદરૂપ નીવડશે.
આ બધાં જ ઓફિસીયલ ગેઝેટ નોટીફીકેશન હવે www.egazette.nic.in દ્વારા ઓનલાઈન પ્રાપ્ત થશે.
**Source | http://trak.in/**

---

## જર્નલ્સ ઓનલાઈન પ્રોજેકટે વિકાસશીલ દેશોના સંપાદકોને માટે iThenticate Software ની ઓળખ કરાવી

INASP'S જર્નલ્સ ઓનલાઈન પ્રોજેકટે જર્નલ્સના સંપાદકોને ચકાસણી કરવા માટે iThenticate Software ઉપલબ્ધ બનાવ્યું છે. જે ક્રોસચેક દ્વારા Bangla JoL, Nep JoL SL JoL પ્લેટફોર્મ્સ પર કાર્ય કરશે.
ક્રોસ ચેક જે iThenticate થી ચાલે છે જે શરૂઆતમાં ક્રોસચેકથી વિદ્વતા સભર અને વ્યવસાયિક પ્લેજીયારીઝમને રોકવાના પ્રયત્નોમાં સક્રિય છે તે સભ્યોને મદદરૂપ થવા માટે શરૂ થયેલ હતું.
જર્નલ્સ ઑન લાઈન INASPના પ્રોગ્રામ મેનેજર સીઓક્ષ કુમાગના જણાવ્યા મુજબ એ ઉપલબ્ધ થયાંના થોડા દિવસોમાં જ JoL જર્નલના સંપાદકોએ તેમની કાર્યશરણીમાં iThenticate ને સમાવવા માટે તલસ્પર્શી રસ લીધો જેથી પ્લેજીયારીઝમની ચકાસણી થાય અને જર્નલની ગુણવત્તામાં વધારો થાય્ શ્રીલંકાના જર્નલ ઑફ નેશનલ સાયન્સ ફાઉન્ડેશનના , વૈજ્ઞાનિક અધિકારી ઉથપાલા કરુનારાથેને, આ સોફટવેરને આવકારતાં જણાવ્યું કે "હંમેશા આપણે સૌ ઓનલાઈન પ્લેજીયારીઝમ ચેકરનો ઉપયોગ કરીએ છીએ જે હમેશા સમગ્ર પેપર અથવા લેખ ચકાસવાની મંજુરી નથી આપતું પરંતુ પેપરનો કેટલોક ભાગ ચકાસવા દે છે એનું કારણ શબ્દોની મર્યાદા છે. હું માનું છું કે iThenticate સમાજને લેખો વધારે સરળતાથી ચકાસવા દેશે અને ચોકસાઈથી આપણા જર્નલનું ધોરણ ઊંચું આવશે."

iThenticate એ આગળ પડતા વ્યવસાયિક પ્લેજીયારીઝમને ચકાસનાર અને સંરક્ષિત ટેકનોલોજી – જે વિશ્વભરમાં ઉપયોગમાં લેવાય છે, જે વિદ્વતાસભર કૃતિઓની મૌલિકતા નકકી કરે છે.
તે સંપદકો, લેખકો, સંશોધકો – misconductને તે સુરક્ષિત કરે છે. તે હસ્તપ્રતોને – તેના 56 બીલીઅન વેબપેજ કરતાં વધારે – ના ડેટાબેઝીઝ અને ૧૪૨ મીલીઅન વિષયવસ્તુને, જેમાં ૪૪ મીલીઅન કૃતિઓ-590 (વિદ્વતાસભર પ્રકાશકો ક્રોસચેકમાં સહભાગી થાય છે, જે ક્રોસરેફ દ્વારા અપાતી સેવા છે અને એ iThenticate Software દ્વારા સક્ષમ બનાવશે.

---

## ઈન્ડિઅન-અમેરિકન ઉપકરણ દ્વારા "બુકસ ફોર સ્નેપચેટ જનરેશન"

૫૦ ઈન્ડિઅન – અમેરિકન વેપારી મહિલા , જે લેખક પણ છે, તેણીએ તાજેતરમાં યુવા-વાચકો માટે નેટ પર વાર્તાઓ રજૂ કરી છેરૂ, જેને તેણી 'સ્નેપચેટ જનરેશન ' કહે છે. તેની લાક્ષણિકતાઓ આ પ્રમાણે છે. આ ઉપકરણને 'Hooked' કહે છે. દરેક પુસ્તક આ ઉપકરણથી વાંચી શકાશે. દરેક પુસ્તક (વાર્તા) લગભગ

૧૦૦૦ શબ્દોમાં હશે અને એ પાંચ મિનિટમાં વાંચી શકાશે. વાર્તાઓ સંવાદરૂપે કહેવાશે અને પાઠરૂપે વાંચી શકાશે. વાચક જ્યારે Next પર કલીક કરશે ત્યારે તેમને સંદેશાઓ મળશે.શરૂઆતમાં આ ઉપકરણ પ્રેરણા ગુપ્તાએ વિકસાવેલું.આમાં સ્ક્રીન પર પ્રદાન કરનારનું વિષયવસ્તુ હશે. પ્રસંગોપાત ઉપયોગકર્તાઓ પણ તેમનું વિષયવસ્તુ તેમની રીતે મૂકી શકશે.આ ઉપકરણ નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકાય છે. એની ખાસિયત એ છે કે એક દિવસમાં માત્ર એક વાર્તા નિઃશુલ્ક મેળવી શકાશે. વાચકો લવાજમ ભરીને વધારે વાર્તાઓ મેળવી શકશે. સમગ્ર અઠવાડિયા દરમિયાન અમર્યાદિત વાર્તાઓ પ્રાપ્ત કરવા માટે 2.99 ડોલર અને એક વર્ષ માટે 39.99 ડોલર.

આમ વધુને વધુ કિશોરવયના વાચકો માટે ફેસબુક અને ટવીટર પર વાર્તાઓ ઉપલબ્ધ બનશે.

**Source** | Free Press | 22 September 2015

---

## વિશ્વની સૌથી જૂની કુરાનની હસ્તપ્રત

લંડન : ૨જી ઓકટોબરથી ૨૫ ઓકટોબર સુધી યુકેમાં પ્રદર્શનમાં મૂકવામાં આવી છે. કુરાનની આ હસ્તપ્રતને વિશ્વની સૌથી જૂની માનવામાં આવે છે. ૧ ,૩૭૦ વર્ષો (જૂના મહમદ પયગંબરના નજીકના સમયની) પહેલાની કુરાનની આ હસ્તપ્રત યુનિવર્સિટી ઑફ બર્મિંગહામ, પાસે છે. જે (સૌથી જૂની છે એ જાણકારી મોર્ડન સાયન્સ મેથડને કારણે પ્રાપ્ત થઈ છે.

રેડિયોકાર્બન એનાલીસીસ દ્વારા 95.4%ની ચોકકસાઈથી ચકાસતાં ચર્મપત્ર પર પાઠ લખાયેલો છે તેનો સમયગાળો AD 568 અને 645 જણાતા, ઓકસફર્ડ યુનિવર્સિટીની લેબોરેટરીમાં તેની ચકાસણી કરવાતાં આવી. તેમાં તેનો સમયગાળો મહમદપયગંબરના નજીકનો લાગે છે તેઓ AD 570 અને 632ના સમયમાં હતા. સંશોધકોનો નિષ્કર્ષ એ છે કે કુરાન મેનુસ્કીપ્ટ – પૂરાણી પ્રતોમાંની એક છે. એમ તેના પાઠ પરથી લાગે છે. આ ઈસ્લામીક પવિત્ર ગ્રંથ જળવવો જોઈએ.

કેડબરી રીસર્ચ ગ્રંથાલયમાં- કુરાનની હસ્તપ્રતો એ મધ્ય પૂર્વ હસ્તપ્રતોનો યુનિવર્સિટીના મીનગાન સંગ્રહનો ભાગ છે જેમાં ૧૮ થી ૨૦ છે. શાહથી લખાયેલી એ અરેબિક સ્ક્રીપ્ટ હીજાઝીમાં.

---

## ઓનલાઈન ગેઝેટની કાયદેસરતા ?

જ્યાં નાગરિકો ઉપર દર્શાવેલી વેબસાઈટ પરથી વિના મૂલ્યે જરૂરી ગેઝેટ ડાઉનલોડ કરી શકશે.

ભારત સરકારે બહાર પાડેલ પ્રેસ નોટીફીકેશનમાં જણાવ્યા મુજબ IT Act અનુસાર બધાં જ ડાઉનલોડ કરેલાં અને મુદ્રિત ગેઝેટ કાયદાકીય અને ઓફિસિયલ હેતુ માટે પૂરતાં છે. ગેઝેટ અગત્યના કાયદાકીય પ્રલેખો છે. એમાં જરાપણ શંકાને સ્થાન નથી. કોર્ટ કેસ , ઓફિસિયલ ટ્રાન્સફર અને સરકારી નિર્ણયો વગેરેમાં કાયદા અને નિયમોમાં કરવામાં આવેલાં ફેરફારો , સુધારા ચકાસવા માટે આ

ગેઝેટસ મહત્વની ભૂમિકા ભજવે છે. ઓનલાઈન પ્રકાશિત ગેઝેટની કાયદેસરતા સરકારે નકકી કરતાં, એટલું સ્પષ્ટ થાય છે કે ઈ-ગર્વનન્સે ભવિષ્ય તરફ મહત્વની હરણફાળ ભરી છે.

આ ગેઝેટનું ઓનલાઈન પ્રકાશન નાગરિકોનો ખૂબ સમય બચાવશે. ગેઝેટની મુદ્રિત કોપી મેળવતાં પહેલાં અઠવાડિયાઓ લાગતાં જે હવે પાંચ દિવસમાં – જે તે સરકારી વિભાગમાંથી મળશે.

**Source** | Mid Day | 23 September 2015

---

## ૧૫મી ઓકટોબર – કલામનો જન્મદિવસ ‘નો સ્કૂલ બેગ ડે’

૨૭મી જુલાઈએ – કલામના અવસાન સમયે મહારાષ્ટ્રના શિક્ષણમંત્રી વિનોદ તાવડેએ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે અબ્દુલ કલામનો જન્મદિવસ ૧૫મી ઓક્ટોબરને – સમગ્ર રાજયની સ્કૂલોમાં ‘વાચનપ્રેરણા દિવસ’ તરીકે અથવા ‘વાચન દિવસ’ તરીકે ઉજવવાનો નિર્ણય લીધો. સરકારી ઠરાવમાં જણાવ્યું હતું કે ધોરણ-૩ થી ૮ સુધીના બધાં જ વિદ્યાર્થીઓને શાળામાં અભ્યાસક્રમ સિવાયના પુસ્તકોનું વાંચન કરવું. શાળાઓએ પણ પ્રદર્શન યોજવા, ‘પુસ્તકની ભેટ’, સમગ્ર વિશ્વના સુપ્રસિધ્ધ લેખકોનો પરિચય કરાવવો અને પુસ્તકો વિશે ચર્ચાઓ ગોઠવવી વગેરે કાર્યક્રમો હાથ ધરવા, એ માટે રૂપિયા ૬ લાખ ફાળવવામાં આવ્યાં છે.

એથી આગળ એક ડગલું, બી. બી. ચવાણ, ડેપ્યુટી ડાયરેકટર, મુંબઈ, એ મુંબઈની શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ ઘેર મૂકીને આવવા માટે મંજૂરી આપવા જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે “કલામના લખાણો વિદ્યાર્થીઓ અને યુવાનો માટે પ્રેરણાદાયી છે. આ પ્રવૃતિ વિદ્યાર્થીઓને વાચનરસ વિકસાવવામાં મદદરૂપ બનશે જેની ખામી છે. આથી આ દિવસ માટે ‘સ્કૂલ વિધાઉટ બેગ’નું આયોજન કર્યુ છે”. મુંબઈની શાળાઓ માટે વિવિધ પ્રવૃતિઓ જેવી કે લેખકો, સાહિત્ય તથા અન્ય વિષયના નિષ્ણાંતોને નિમંત્રણ આપવું, અભ્યાસક્રમ સિવાયના પુસ્તકોનું વાચન તથા મોટેથી કેવી રીતે વાચન થાય એ શીખવવું. વર્ગમાં કોઈ પણ પ્રકારના દબાણ વિના હકારાત્મક વાતાવરણ ઊભું કરવું જોઈએ. જેથી વિદ્યાર્થીઓ તેમને મનગમતુ પુસ્તક વાંચી શકે અને આનંદ મેળવી શકે એ રીતે કાર્યક્રમ સફળ બનાવવો.

**Source** | Times of India | 8 October 2015

---

## Forthcoming Events

**18th National Convention on Knowledge,**

**Library and Information Networking - NACLIN 2015**

will be organised by DELNET in collaboration with Gulbarga University Library, in Gulbarga from November 24-26, 2015 at Dr. B. R. Ambedkar Bhavan, Gulbarga University, Gulbarga.

**National Workshop on Digital Repository (DSpace) at DSB**

**Campus, Kumaun University, Nainital.**

Time: November 28, 2015 to November 29, 2015 Location: Nainital, Uttarakhand, India
Street: **DSB Campus, Kumaun University**
Website: http://www.splp.in/l

Organized By: DSB Campus, Kumaun University and Society for Promotion of Library Professionals (SPLP)

**UGC Sponsored Two Day National Conference on Qualitative Library and Information Services for Higher Education in Knowledge Society (QLIS-2015)**

Time: December 3, 2015 to December 4, 2015, Location: Ahmednagar College

http://www.aca.edu.in

**IASLIC 2015: IASLIC 30th All India Conference 2015**

**Theme: Library Legislation and Community Information Services**

Date December 28-31, 2015 For further details, please contact: Prof Pijushkanti Panigrahi, General Secretary, IASLIC, P 291 CIT Scheme 6M, Kankurgachhi, Kolkata – 700054

iaslic.sem@gmail.com

Organised byDepartment of Library & Information Science & Gujarat University Library

Gujarat University

---